## ધાનેરા તાલુકાના રામપુરાછોટા ગામે સરપંચની ઢીલી નીતિ અને તંત્રની ગંભીર

# બેદરકારીથી ગ્રામજનો પીવાના પાણી માટે વલખાં મારે છે

ગામલોકો પોકારી પોકારીને કહી રહ્યા છે કે એસી માં બેઠેલા અધિકારીઓ લોકો માટે નહીં તો અબોલ પશુઓ માટે તો પણ

અધિકારીએ હજુ સુધી નથી તો લીધી તકલીફ કે નથી તો કરી ગામની મુલાકાત આજે પણ લોકો લોકોને ટેન્કર દ્વારા પીવાનું

રામપુરાછોટા ગામની કે જ્યાં આજથી દોઢ માસ અગાઉ ગામ કુવાની મોટર બળી ગઈ હતી ગામલોકોએ સરપંચને આ

કોઈએ સાંભળી નથી અને ગામકુવા ની મોટર રિપેર કરાવવા માટે કોઈ આવ્યું નથી ત્યારે આજે આ ગામના લોકો

દૂર ખેતરોમાં જઈ પીવાનું પાણી લાવી રહ્યા છે.

આ ગામમાં લોકો તો આમ-તેમ ભટકી પીવાનું પાણી

ઊમટે છે અને લોકો પાણી માટે પડાપડી કરતા જોવા મળી રહ્યા છે લોકો તો ગમે તેમ કરી તેમની પાણીની સુવિધા પુરી કરતા

પણ મોતને ભેટી રહ્યા છે. ત્યારે ગામલોકો પોકારી પોકારીને કહી રહ્યા છે કે એસી માં બેઠેલા અધિકારીઓ લોકો માટે નહીં

જ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે આ દ્રશ્ય જ બતાવી રહ્યા છે કે લોકો કેવી મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે ત્યારે તંત્ર



### પાણી ન મળતા અબોલ પશુઓના જીવ જોખમમાં





પાણીની વ્યવસ્થા કરો.

ધાનેરા તાલુકાના રામપુરાછોટા ગામે સરપંચ ની ઢીલી નીતિ અને તંત્રની ગંભીર બેદરકારી થી ગામ લોકો ખૂબ જ મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે તો બીજી તરફ અબોલ પશુઓ પણ પાણી ન મળતા મોતને ભેટી રહ્યા છે એક બાજુ તો તંત્ર વિકાસ અને લોકોને અપાતી સુવીધા ની મોટી મોટી વાતો કરી રહી છે તો બીજી તરફ રામપુરા ગામમાં ગામ કુવામાં પડેલી મોટર બદલાવવા માટે કોઈપણ

પાણી આપવામાં આવ્યું છે એ પણ લોકોને પૂરતું પાણી નથી મળતું.

ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે લોકો ગરમીથી બચવા માટે વિવિધ ઉપાયો કરી રહ્યા છે. ગરમી સામે રક્ષણ મેળવવા માટે પહેલાં જ પાણીની જરૂર પડતી હોય છે લોકો પાણી દ્વારા ગરમીથી હાશકારો મેળવતા હોય છે તો કેટલીક જગ્યાએ તો ગરમીથી બચવા માટે તો દૂરની વાત છે પરંતુ લોકો પીવાના પાણી માટે પણ વલખા મારી રહ્યા છે. વાત છે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના

બાબતે વારંવાર રજૂઆત કરી છતાં પણ ગામલોકોની રજૂઆત આજ દિવસ સુધી

ખૂબ જ મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે અને દૂર-

લાવી રહ્યા છે અને ગામમાં જ્યારે પાણીનું ટેન્કર આવે ત્યારે લોકોની ખૂબ જ ભીડ

હોય છે પરંતુ અબોલ પશુઓ નું શું આ ગામમાં પાણી ન મળતાં કેટલાક અબોલ પશુઓ

તો અબોલ પશુઓ માટે તો પણ પાણીની વ્યવસ્થા કરોગામલોકો દ્વારા તલાટીને પાણી બાબતે રજૂઆત કરતાં તલાટી દ્વારા ગામ ને ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે અને એ પણ બે દિવસમાં ફક્ત એક જ પાણીનું ટેન્કર આપવામાં આવે છે અને આ ગામમાં લોકોને પૂરતું પાણી મળતું નથી જ્યારે પણ ટેન્કર આવે ત્યારે લોકો પાણી માટે પડાપડી કરે છે અને લોકો પોતાના વાસણો લઈ પાણી માટે લાઈનમાં ઉભા રહે છે કેટલાક લોકોને પાણી મળે છે તો કેટલાક લોકોને પાણી નથી મળતું આવી જ રીતે લોકો ખૂબ

આ બાબતે જાગે અને તાત્કાલિક કાર્યવાહી કરે તેવી ગામલોકો માંગ ઉઠવા પામી છેસરપંચ ની ઢીલી નીતિ અને સ્થાનિક તંત્રની ગંભીર બેદરકારી થી આજે રામપુરાછોટા ગામના ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ત્યારે ગ્રામજનો ઈચ્છી રહ્યા છે કે બનાસકાંઠા જિલ્લાના જિલ્લા કલેકટર સાહેબ આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરાવે અને ગામ કુવામાં મોટર નંખાવી ગામ લોકોને પાણી અપાવે અને પાણી માટે મોતને ભેટતા અબોલ પશુઓને બચાવે.

# મોડાસામાં ગાયના હુમલામાં મહિલાને ઈજા

મોડાસા, તા. ૩

મોડાસા શહેરના મુખ્યમાર્ગો અને રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓએ રીતસરનો કબ્જો જમાવી દીધો હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળે છે. શહેરના માર્ગો પરથી



પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લેવાની અનેક ઘટનાઓ સતત બની રહી છે. મોડાસા શહેરના જુના બજાર વિસ્તારમાં ટહેલવા નીકળેલી માતા-પુત્રીનો ભુરાંટી બનેલી ગાય સાથે ભેટો થતા ગાયે ૧૦ વર્ષીય પુત્રી પર હુમલો કરતા પુત્રીને બચાવવા જતા ગાયે મહિલાને ભેટુ મારી જમીન પર પટકાતા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી.

મોડાસા નગરમાં વર્ષોથી ટ્રાફીકની સમસ્યાની સાથે સાથે રખડતા ઢોરનો પણ ત્રાસ વધ્યો છે જેના નિરાકરણ માટે તંત્ર પાસે કોઈ જ વ્યવસ્થા ન હોય તેવું લાગી રહ્યું છે. મોડાસામાં મોડીરાત્રે રખડતા ઢોરનો એક મહિલા ભોગ બનતા ચકચાર મચી હતી બની, જેને ગંભીર ઈજાઓ શરીરે થવા પામી છે.

ગુરુવારે રાત્રીના રાત્રીના નવ વાગ્યાના સુમારે નિલમબેન પંચાલ પોતાની ૧૦ વર્ષની બાળકી સાથે પોતાના ઘરે જઈ રહ્યા હતા, તે દરમ્યાન મોડાસા મહિલા પોલીસ સ્ટેશનની સામે એક ગાય તેમની બાળકી પર કોઈપણ જાતની ઉશકેરણી વિના તુટી પડી હતી. પોતાની વહાલસોઈ દિકરી પર ગાયના હુમાલાથી હેબતાઈ ગયેલ માતાએ તેને બચાવવા વચ્ચે પડતા ગાયે નિલમબેન પર હુમલો કરી જમીન પર પટકી દીધા હતા. ત્યારબાદ પગ વડે ગંભીર ઈજાઓ પહોંચાડતા મહિલા અને બાળકીની ચીસાચીસ સાંભળી આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ મોતના મુખમાંથી બચાવી લીધી હતી અને તાબડતોડ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા મહિલાને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાની સાથે માથાના ભાગે ઈજા થતા ૧૨ ટાંકા લેવાની નોબત આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રખડતા પશુઓના ત્રાસના કારણે કેટલાય લોકો ભોગ લેવાય છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીર કરવામાં આવતી નથી જેના કારણે પશુ પાલકો પશુઓને છુટ્ટા મૂકી દે છે. બે અઠવાડીયા અગાઉ પણ કડીવાડા રોડ પર એક છોકરી પર ગાય જીવલેણ હુમલો કર્યો હતો. તંત્ર કોઈ નક્કર નિતી અમલમાં લાવી રાહદારીઓને રખડતા પશુઓને સુરક્ષિત કરે તેવી લોકની માંગ પ્રબળ બની છે.

# બાયડના ડેમાઈ ગામ નજીક પેટ્રોલ પંપ પાસે ટ્રક ટ્રેલર પલ્ટી જતા અફડાતફડી

મોડાસા, તા. ૩

મોડાસા-નડિયાદ રાજ્યધોરી માર્ગ સતત ભાર વાહક વાહનોથી ધમધમી રહ્યો છે. ટ્રક-ટ્રેલર, ટેન્કર અને ડમ્પર ચાલકો બેફામ ગતિએ હંકારતા સતત અકસ્માતનો ભોગ નાના વાહનચાલકો અને રાહદારીઓ



બની રહ્યા છે. ભારવાહક ચાલકોની બેફિકરાઈભર્યા ડ્રાઈવિંગ અનેક લોકોનો ભોગ લીધો છે.

બાયડના ડેમાઈ નજીક આવેલા પેટ્રોલપંપ પાસે નડિયાદ તરફથી સોફ્ટ પાવડર ભરી આવતા ટ્રક-ટ્રેલરના ચાલકે પુરઝડપે હંકારી સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી ટ્રક-ટ્રેલરને પલટી ખવડાતા ભારે અફડાતફડી મચી હતી. સદનસીબે ટ્રક ચાલક અને ક્લિનરના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ટ્રક-ટ્રેલર પલ્ટી જતા ટ્રકમાં રહેલો માલસામાન વેરવિખેર થઈ ગયો હતો. ટ્રક-ટ્રેલર પલટી જતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.

## મોડાસા એલસીબી પોલીસે જીવણપૂર નજીક

# હાઈસ્પીડ બાઈક સાથે ૩૨ હજારનો દારૂ ઝડપ્યો પણ બુટલેગર નહિ ..!

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને જોડતી વિવિધ સરહદો પરથી મોટા પ્રમાણમાં નિતનવા નુસખા અપનાવી વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહે છે જીલ્લા એલસીબી પોલીસે જીવણપૂર-ગડાદર રોડ પર બાતમીના આધારે નાકાબંધી કરી હતી મણિપુર કંપા નજીક હાઈસ્પીડ બાઈક પર વિદેશી દારૂ ભરી આવનાર બુટલેગર પોલીસને જોઈ બાઈક રોડ પર નાખી દઈ નાસી ગયો હતો પોલીસનો પીછો ટૂંકો પડતા પોલીસે હાઈસ્પીડ બાઈક અને રૂ.૩૨૪૦૦/- નો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી સંતોષ માનવો પડ્યો હતો.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસ પેટ્રોલિંગ માં હતી ત્યારે બાતમી મળી હતી કે જીવણપૂર-ગડાદર રોડ પર પલ્સર બાઈક પર વિદેશી દારૂ ભરીને બુટલેગર પસાર થવાનો છે બાતમી મળતા એલસીબી પીએસઆઈ કે.એસ.સીસોદીયા તથા સ્ટાફના માણસો મણિપુર કંપા નજીક



નાકાબંધી કરી હતી પોલીસ બંદોબસ્ત જોઈ બજાજ પલ્સર (ગાડી.નં-પ્ત ૩૧ ૐ ૦૪૦૨ ) પર સવાર બુટલેગર બાઈક રોડ પર નાખી ભાગવા જતા તેને પકડવા એલસીબી પોલીસે પીછો કરતા પોલીસ ને માત આપી બુટલેગર ફરાર થઈ જવામાં સફળ રહેતા એલસીબી પોલીસે બાઈક પર કંતાનના કોથળામાં બાંધેલ વિદેશી દારૂની બોટલ અને બીયરના ટીન નંગ-૯૦ કી.રૂ.૩૨૪૦૦/- તથા બાઈક કી.રૂ.૮૦૦૦૦/- મળી કુલ રૂ.૧૧૨૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર અજાણ્યા બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# જૂના ડીસા ગામે નિરાંત સતસંગ સમારોહ યોજાયો

ડીસા, તા. ૩

ડીસા નજીકના જૂનાડીસા ગામે ડીસાવલ રોહિદાસ સો ગામ પરગણાના પટેલ અને



ગુરુમુખી બબાભાઈ ભગવાનભાઈ પુનડીયાના નિવાસસ્થાને નિરાંત સતસંગ સમારોહ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લા સહિત ગુજરાતભરમાંથી સંતો મહંતો હાજર રહ્યા હતા. પ્રારંભે સંતોના સામૈયા અને ભોજન પ્રસાદ બાદ ભજન સતસંગની રમઝટ જામી હતી. જેમાં ઉપસ્થિત સંતો અને મહંતોએ પ્રાચીન અર્વાચીન ભજનો અને સતસંગ રજૂ કરી ઉપસ્થિત જનમેદનીને ભવ પાર ઉતરવાનો જીવન ઉપયોગી બોધપાઠ આપ્યો હતો. ત્યારબાદ બબાભાઈ પુનડિયાને સર્વસંમતિથી આચાર્ય પદની પદવી આપવામાં આવી હતી.જેથી ઉપસ્થિત જનમેદની અને સંતોએ રાજીપો વ્યક્ત કરી તેમની ભેટ પૂજા કરી હતી. સન્માનથી ભાવવિભોર બનેલા બબાભાઈ પુનડીયાએ પદવીની પ્રતિષ્ઠા જાળવી રાખવાનો સંકલ્પ વ્યક્ત કરી તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો. સંતોની સેવામાં તેમના પુત્રો દિનેશભાઈ, અમરતભાઈ અને પ્રવીણભાઈ તથા પરિવારજનો ખડેપગે રહ્યા હતા.

બીજા દિવસે ડીસાવલ પરગણાના સંમેલનમાં સમાજની એકતા અને વિકાસની ચર્ચા વિચારણા બાદ શૈક્ષણિક સંકુલ ઉભું કરવા તેમજ કુરિવાજો નાબૂદ કરવા ઉપર ભાર મુકાયો હતો.

# મોડાસાના ડુઘરવાડા ચોકડી પર રીક્ષાચાલકોના અડિંગા સામે ટ્રાફિક પોલીસ લાચાર...!

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ટ્રાફિકની સમસ્યા શહેરીજનો માટે માથાના દુખાવા સમાન બની છે. હંકારવાની સાથે મનફાવે તેમ ઉભી રાખી દેતા હોવાથી ટ્રાફિકની સ્થિતિ વણસી રહી છે.

મોડાસા-ધનસુરા રોડ પર આવેલી ડુઘરવાડા ચોકડી પર કોઈ વાહનચાલક કોઈ કામકાજ અર્થે ઉભા રહે તો તેમની સાથે ગેરવર્તણૂક અને દાદાગીરી મારતા હોવાની અનેક ઘટનાઓનું નિર્માણ થતા લોકોમાં રોષ જોવા



ટ્રાફિક સપ્તાહની જોરશોરથી ઉજવણી કરતી ટ્રાફિક પોલીસ અને આરટીઓ તંત્ર ખાનાપૂર્તિ અને દેખાવપૂર્તિ કામગીરી કરી સંતોષ માનતા ટ્રાફિકની સ્થિતિ ત્યાંને ત્યાંજ જોવા મળી રહી છે. મોડાસા શહેરમાં રીક્ષાચાલકો રીક્ષા બેફામ

મોડાસાના ડુઘરવાડા ચોકડી પર મુખ્યમાર્ગ અને ડુઘરવાડા અને મખદૂમ હાઈસ્કૂલ તરફ જતા રોડની બન્ને બાજુ રિક્ષાચાલકોએ અડીંગો જમાવતા રાહદારીઓ અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

મળી રહી છે. ટ્રાફિક પોલીસ, મોડાસા ટાઉન પોલીસ અને નાગરલિકાતંત્રએ બેફામ રોડ પર હક્ક જમાવતા રીક્ષા ચાલકો સામે અગમ્ય કારણોસર ઘૂંટણિયા ટેકવી દેતા નગરજનો પોલીસતંત્રની હપતરાજ અને મીલીભગતના પાપે રીક્ષા ચાલકો બિન્દાસ્ત બન્યા હોવાનો આક્ષેપ કરી રહ્યા છે.

ડુઘરવાડા ચોકડી આસપાસના વિસ્તારોમાં એક તરફ કોલેજ છે બીજી તરફ મખદૂમ હાઈસ્કૂલ,મોડાસા માર્કેટયાર્ડ અને લઘુમતી વિસ્તારની રહેણાંક સોસાયટીઓ આવેલી હોવાથી સતત રાહદારીઓ અને વાહનચાલકોની ૨૪ કલાક અવર-જવરથી સતત ધમધમતી હોવાથી અને રોડ સાંકળો હોવા છતાં રસ્તાની બંને બાજુ રીક્ષાઓ મૂકી રસ્તા બ્લોક કરી દેતા વારંવાર ટ્રાફિકની સમસ્યા પેદા થઈ રહી છે. કોઈ વાહન ચાલક કે રાહદારી રીક્ષા હટાવવાનું કહેતા રીક્ષા ચાલકો દાદાગીરી પર ઉતરી આવતા લોકો લાચારી અનુભવી રહ્યા છે. ટ્રાફિક વિભાગ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી ન હોય તેનું લાગી રહ્યું છે.

કૉલેજ રોડ વિસ્તારમાં ટ્રાફિકની બીજી સમસ્યા આ રોડ પર બાઈક દલાલો મોટી સંખ્યામાં હોવાથી લે-વેચ માટે રાખેલા બાઈક ફૂટપાથ પર મુકી દેતા હોવાથી લોકો ફૂટપાથ પર ચાલવાને બદલે રસ્તા પર ચાલે છે. જો લોકો ફૂટપાથ પર ચાલવાને બદલે રોડ પર ચાલતા ટ્રાફિક સમસ્યા વધુ વકરી છે.

## મોડાસાના નાગરિક બેંકના ચેરમેન પદે પરેશ ગાંધીની નિમણુંક

મોડાસા, તા. ૩

મોડાસા નાગરિક બેંકના ચેરમેન તરીકે મોડાસા



નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન અને મોડાસા નાગરિક બેંકમાં સતત ૬ ટર્મથી ડિરેક્ટર અને મેનેજીગ ડિરેક્ટર તરીકે સેવા આપનાર પરેશભાઈ ગાંધીની સર્વાનુમતે વરણી થતા બેંકની પ્રગતિમાં તેમના અનુભવ અને કુશળ વહીવટનો લાભ થશે. મોડાસા નાગરિક બેંકના ચેરમેન તરીકે પરેશ ગાંધીની નિમણૂકને બેંકના સભાસદો અને વેપારી મિત્રો અને શહેરના અગ્રણીઓએ વધાવી લીધી હતી અને અભિનંદન પાઠવ્યા હતા.

# ઊંઝામાં ગઠિયા બેકાબુ

વેપારીમથક ઊંઝા ખાતે એસટી બસ સ્ટેશનમાં પોલીસની હાજરીના અભાવે ખિસ્સાકાતરૂઓ તેમજ ગઠિયાઓને મોકળુ મેદાન મળી ગયેલ હોઈ પરપ્રાંતના ખેડૂતો તેમજ અન્ય મુસાફરો આવા ગુનેગાર તત્વોનો ભોગ બની રહ્યા હોવાની બૂમરાણ ઉઠી છે. ગઈકાલે સાંજના સમયે ઊંઝા માર્કેટયાર્ડમાં ખેત ઉપજનો માલ વેચી નાણાં લઈને પરત વતન જવા નીકળેલ રાજસ્થાનના એક ખેડૂતનો થેલો ચેક કરવાના લઈને પોલીસના સ્વાંગમાં આવેલ કોઈ બે ગઠિયા ખેડૂતના થેલામાંથી ૨.૩૫ લાખની રોકડ રકમ સેરવી લઈને ક્યાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ બનેલ છે.

જાણવા મળ્યા મુજબ રાજસ્થાનના ઝાલોર જિલ્લાના એક ખેડૂત પોતાની ખેત ઉપજનો માલ વેચવા માટે ઊંઝા માર્કેટયાર્ડમાં આવ્યા હતા. માલ વેચાણ પેટે મળેલ નાણાં થેલામાં મુકીને આ ખેડૂત પરત વતન જવા માટે સાંજના સમયે ઊંઝા બસસ્ટેશને બસની રાહ જોઈને બેઠા હતા. ત્યારે કોઈ બે અજાણ્યા શખ્સો ખેડૂત પાસે આવ્યા હતા અને અમો પોલીસના માણસો છીએ તમારી પાસે નશીલા પદાર્થો છે કે કેમ તે માટે થેલો તપાસવાના બાહાને થેલામાંથી બે લાખ પાંત્રિસ હજારની રોકડ રકમ સેરવી લીધી હતી. અને તુરત ક્યાંક પલાયન થઈ ગયા હતા. થોડીવાર પછી ખેડૂતે પોતાનો થેલો તપાસતા અંદર રોકડ રકમ ન જણાતા હાંફળા ફાંફળા બની ગયા હતા અને ઊંઝા પોલીસ મથકે પહોંચ્યા હતા. જ્યાંથી પોલીસ તેમને લઈને ઊંઝા બસ સ્ટેશને આવી હતી અને તપાસ કરી હતી. ખેડૂતને લઈને પરત પોલીસ સ્ટેશને ગયા હતા પરંતુ કોણ જાણે કેમ પોલીસ ગરીબ ખેડૂતવર્ગના માનવીની ફરિયાદ નોંધી ન હતી તેવુ લોકોમાં ચર્ચાય છે. એક ગરીબ ખેડૂતે સમગ્ર વર્ષ મજૂરી કરીને ખેતીની ઉપજના નાણાં કમાયા હોઈ જિલ્લા પોલીસ અધિક્ષકે આ અંગે જરૂરી તપાસ કરાવી ગંભીર પ્રકારના ગુનાઓને છાવરવાનો પ્રયાસ કરનાર જવાબદાર પોલીસતંત્ર સામે ખાતાકીય રાહે પગલાં ભરવા જોઈએ તેવું શહેરીજનોમાં બોલાય છે.

ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનમાં છેલ્લા ઘણા વર્ષોથી પોલીસ નજરે પડતી નથી. બસસ્ટેશન આગળ હાઈવે પોલીસ ચોકી છે પરંતુ તેઓ વાહનચેકિંગની કામગીરી કરતા હોય છે આથી બસ સ્ટેશનમાં પોલીસની હાજરીના અભાવે ગઠિયાઓ અને ખિસ્સાકાતરુઓને મોકળુ મેદાન મળી ગયેલ છે. પરિણામે અવારનવાર ખેડૂતો મુસાફરોના ખિસ્સા હળવા થવાના બનાવો વધતા જાય છે.